# સ્કાય ઈઝ ધ લિમિટ

કહેવાય છે જેને મંઝિલ સાદ કરતી હોય તેને રસ્તાની કયાં ફિકર હોય છે? કંઇક આમ જ કેપી ગ્રુપના ચેરમેન ફારૂક પટેલને આ મુકામ સાદ કરી રહ્યો હતો.

ભરૂચના નાનકડા ગામ કોઠીના વતની અને બસ કંડકટરના પુત્ર એવા ફારૂક પટેલની યાત્રા નાનકડા કાર્ટિંગ બિઝનેસથી શરૂ થઇ આજે કરોડોનું ટર્નઓવર ધરાવતી સાત કંપનીઓ સુધી આવી પહોંચી છે. સુરતના અડાજણ વિસ્તારમાં નગર પ્રાથમિક શાળામાં શિક્ષણ મેળવીને ટેક સ્ટાઇલ ઇજનેર બનેલા ફારૂક પટેલને સ્વપ્નેય ખ્યાલ ન હતો કે તેઓ એક દિવસ આ મુકામ હાંસલ કરી લેશે. કહેવાય છે ને કે એક ખંતીલા વેપારીને સુરત કયારેય નિરાશ નથી થવા દેતું . કેપી ગ્રુપની શરૂઆત ૧૯૯૪માં થઇ જેમાં સૌ પ્રથમ કાર્ટિંગનો બિઝનેસ કરતા ફારૂક પટેલે મહેનત અને પરિવારના સભ્યોને સાથે રાખી કન્સ્ટ્રકશનના કાર્યની પણ શરૂઆત કરી. કેપી ગ્રુપને ઊંચાઇઓ પર જોવાનું સ્વપ્નું અને એક બાજુ ખંતથી કરેલી મહેનત રંગ લાવી અને તેઓ આગળ વધતા ગયા. કે. પી. ગ્રુપે કોમ્યુનિકેશન ક્ષેત્રે એક નવું સાહસ ઉપાડયું જેમાં મોબાઇલ ટાવર અને નેટવર્કિંગનું કાર્ય કર્યું. તેમનો બિઝનેસ શહેરની સીમાઓ વટાવીને વિસ્તરી ગયો હતો. ૨૦૦૯માં તેમણે રીન્યુએબલ એનર્જીમાં ઝંપલાવવાનું વિચાર્યું. ફારૂક પટેલે ડિપ્લોમા ઇન એકસપોર્ટ અને ઇન્ડો અમેરિકન એકસપર્ટ ઇન સોલાર એનર્જીમાં નિપુણતા હાંસલ કરી અને તેનું જ્ઞાન મેળવ્યા બાદ ૨૦૧૧માં તેઓ સંપૂર્ણપણે રીન્યુએબલ એનર્જીના બિઝનેસ સાથે જોડાઇ ગયા આજે કે.પી. ગ્રુપ ઓફ વિન્ડ ફાર્મ અને સોલાર એનર્જીકંપની વડોદરા ખાતે જોરશોરથી કાર્યરત છે. કેપી ગ્રુપની આ કંપની અને ફારૂક પટેલના નામે અનેક કીર્તિમાનો બોલે છે. તેમની કંપનીને બેસ્ટ સોલાર પાર્ક ઇન ઇન્ડિયા (૨૦૧૬)નો ખિતાબ મળી ચૂકયો છે. તેમની કંપની સ્ટોક એક્ષચેન્જમાં પણ સારું રીટર્ન આપનારી કંપની છે.



ફારૂક પટેલ

ડબ્લ્યુ સીઆર સીએ ૨૦૧૫માં મોસ્ટ પ્રોમિસિંગ બ્રાન્ડ, બેસ્ટ આર. એફ.આઇ. ઇન ઇન્ડિયા જેવા અનેક સનમાનો કેપી ગ્રુપને મળ્યાં છે. આટલું જ નહિ ૨૦૦૮-૨૦૦૯માં આઇ. ટી. ક્ષેત્રે બેસ્ટ પેયરનું પારિતોષિક આવકવેરા દ્વારા મળ્યું હતું. આ સિવાય પણ કે.પી. ગ્રુપ અને ફારૂક પટેલ સામાજિક ક્ષેત્રે મોટું યોગદાન આપી રાાં છે. ૭૫ વર્ષથી કાર્યરત અને ૬,૫૦૦ થી વધુ બાળકોને શિક્ષણ આપતી સુરત ડિસ્ટ્રિક્ટ મુસ્લિમ એજયુકેશન સોસાયટીના તેઓ પ્રમુખ છે. જેને સુરતમાં એંગ્લો ઉર્દૂ હાઇસ્કૂલથી પણ ઓળખવામાં આવે છે. આ સિવાય પણ મુસ્લિમ બ્રધર હુડ લાઇબ્રેરી બાળકોને વિના મૂલ્યે પુસ્તકો આપે છે.

આ સિવાય પણ તેઓ ઇન્વાયર્મેન્ટ ને લગતાં કાર્યો હાથ ધરે છે. જેમાંનું એક ઉત્તમ ઉદાહરણ છે તેઓએ લીધેલ મેંગ્રોવના પ્લાન્ટેશનની નેમ . જેમાં તેઓએ ૧૦,૦૦,૦૦૦થી વધુ મેંગ્રોવ લગાડવાની નેમ લીધી હતી. આજે ૨૦,૦૦૦ થી વધુ મેંગ્રોવ તેઓ લગાવી ચૂકયા છે. મેંગ્રોવ સોસાયટી ઓફ ઇન્ડિયા દ્વારા કે.પી. ગ્રુપને સન્માનિત પણ કરવામાં આવ્યા છે` . કે.પી. ગ્રુપ અનેક સન્માનો અને વ્યાપારિક સફળતા સાથે ભારત ક્ષેત્રે પોતાનાં પરચમ લહેરાવી ચૂકયું છે ત્યારે ફારૂક પટેલ કે જેઓ કે.પી. ગ્રુપના સુકાની (ચેરમેન) છે તેઓનું માનવું છે કે, 'સ્કાય ઇઝ ધ લિમિટ. અલ્લાહતાલા બસ આવી જ રીતે કે.પી. ગ્રુપને સફળતાનાં શિખરો સર કરાવતાં રહે. આ સફળતા ફકત મારી કે ગ્રુપની જ નથી તેમાં મારી સાથે જોડાયેલાં તમામ લોકોની પણ છે જેઓએ મને ડગલે ને પગલે સાથ આપ્યો. હું દુઆ કરીશ કે અમારી સહિયારી મહેનત આ ગ્રુપને વધુ ને વધુ સફળતા અને પ્રતિષ્ઠાના માઇલસ્ટોન બતાવતી રહે.'

**ફારૂક પટેલના નામે અનેક કીર્તિમાનો બોલે છે. તેમની કંપનીને બેસ્ટ સોલાર પાર્ક ઇન ઇન્ડિયા (૨૦૧૬)ની ખ્યાતિ મળી છે**

વધુ જાણવા QR સ્કેન કરો



If you are going to achieve excellence in big things,you develop the habit in little matters.- Colin Powell